ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ "આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા" - દિવસ ૦૯ તા. ૧૭.૦૨.૨૦૧૭

## આવતીકાલે ૧૮મી ફેબ્રુઆરીએ અંબાજી ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિત અગ્રણીશ્રીઓની ઉપસ્થિતિમાં "આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા"નું સમાપન

------------

## ભાજપાના "સેવા સેતુ"ના કાર્યક્રમ થકી સરકાર અને જનતાનાં પ્રતિનિધિઓ ઘર આંગણે જનતા જનાર્દનની સેવા કરી રહ્યા છે.

------------

## કોંગ્રેસ શાસનમાં સ્વપ્ન સમા રોડ, રસ્તા, ગટર, પાણી, વિજળી-ભાજપાના શાસનમાં હકીકત બન્યા છે. – શ્રી જીતુભાઇ વાઘાણી

------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાના જણાવ્યા અનુસાર, તા. ૭ ફેબ્રુઆરી, મંગળવારના રોજ દક્ષિણ ગુજરાતના ઉનાઈ માતાના આશીર્વાદ લઇને પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં આરંભાયેલ "આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા"નું તા. ૧૮ ફેબ્રુઆરી, શનિવારના રોજ ઉત્તર ગુજરાતના અંબાજી ખાતે સમાપન થશે.

યાત્રાના આ સમાપન કાર્યક્રમમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રના મંત્રીશ્રીઓ શ્રી હરિભાઈ ચૌધરી, શ્રી મનસુખભાઈ માંડવીયા, શ્રી જશવંતસિંહ ભાભોર સહિત અન્ય કેન્દ્રીય અને રાજ્યના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેશે. ઉત્તર ગુજરાતના તમામ છ જીલ્લાઓનાં બુથ સુધીના કાર્યકર્તાઓનું મહાસંમેલન આ પ્રસંગે યોજાશે, તેમ પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું.

"આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા"ના અંતિમ ચરણના આજના નવમા દિવસે આજે મહીસાગર જીલ્લાના પાંડરવાડાથી આગળ વધીને આજે "આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા"એ અરવલ્લી જીલ્લામાં પ્રવેશ કર્યો હતો. મહીસાગર જીલ્લાના કારવાઈ, પાંડરવાડા સહિત અરવલ્લી જીલ્લામાં પ્રવેશ વખતે પ્રથમ સ્વાગત બેલીયુ ગામમાં થયું હતું. વિશાળ સંખ્યામાં આદિવાસી બાંધવો ઉપસ્થિત રહ્યા હતા. માથે કળશ મૂકીને બાળકીઓએ સ્વાગત સામૈયું કર્યું હતું. ઢોલ-નગારા અને ફટાકડા ફોડી નાગરિકો દ્વારા યાત્રાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું, તેમ પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું.

આજની યાત્રામાં રાજ્યસભાના સાંસદ અને અનુસૂચિત જનજાતિ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રામવિચાર નેતમ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ વિવિધ સ્થળોએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, ૧૯૯૫ પહેલાં રોડ, રસ્તા, ગટર, પાણી, વિજળી એ આદિવાસી બાંધવો માટે કોંગ્રેસનાં શાસનમાં સ્વપ્ન સમાન હતા. પરંતુ ભાજપાન શાસનમાં તે હકીકત બન્યા છે. ગામે-ગામ શાળાઓ, શિક્ષક, ભણવાની સુવિધા વધતાં સમગ્ર આદિવાસી સમાજમાં શિક્ષણ અને સામાજીક જાગૃતિમાં આમૂલ પરિવર્તન જરૂરથી આવવાનું છે. નોટબંધી જેવા મોટા ઑપરેશન દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનાં અર્થતંત્રમાંથી ભ્રષ્ટાચાર અને કાળા નાણાં તથા બનાવટી નોટોની મોટી ગાંઠ દૂર કરી છે. અર્થતંત્રમાં લાગેલા સડાને દૂર કરવાનું ભગીરથ કાર્ય પ્રધાનંમત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપાડ્યું છે.

"સેવા સેતુ"નાં કાર્યક્રમ થકી સરકારી તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ તમારી વચ્ચે ઉપસ્થિત થઈને જનતા જનાર્દનનાં જરૂરી કાર્યો પૂર્ણ કરી રહ્યા છે. પ્રજાકલ્યાણનો, સેવાનો સંકલ્પ, સેવા સેતુના માધ્યમથી સિદ્ધ કરવાનો ભાજપાનો આ દ્રઢ નિર્ધાર છે. આદિવાસી સમાજનાં વિકાસનાં આડે આવતા તમામ અવરોધો દૂર કરવા કાજે કેન્દ્ર તથા રાજ્યની ભાજપા સરકાર કટીબદ્ધ છે. "પેસા" એકટ તથા વનબંધુ કલ્યાણ યોજનાઓનો અમલ આ દિશામાં આપણા પરિણામલક્ષી કાર્યો છે. ભાજપાની આ વિકાસયાત્રામાં જોડાઈ જવાની પ્રદેશ પ્રમુખશ્રીએ સૌને હાકલ કરી હતી.

આ "આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા"ના રૂટમાં આવનાર વાંકા ટીંબા ગામમાં પ્રદેશ પ્રમુખશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૩માં દેશ માટે શહીદ થનાર મોટા કંથારીયાના શ્રી મુકેશભાઈ અમરભાઈ ડામોરની પ્રતિમાને પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ પુષ્પાંજલિ અર્પી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા તથા સ્વ. શહીદના માતૃશ્રી શાન્તાબેનને નમન કર્યા હતા.

આદિવાસી સમાજને સંબોધતા રાજ્યસભાના સાંસદ અને અનુસૂચિત જનજાતિ મોરચાનાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી રામવિચારજી નેતમે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી ઉપર જન્મેલા અને જેમના હૃદયમાં ગુજરાતનાં સેવાના સંસ્કારોનું સિંચન થયેલ છે, તેવા ભારતમાતાના સપૂત શ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે દેશના પ્રધાનમંત્રીશ્રીની જવાબદારી સોંપવામાં અગત્યનો ફાળો આપનાર ગુજરાતની જનતા જનાર્દનને મારા કોટી-કોટી વંદન છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે વનવાસી બાંધવો માટે અનેક વિકાસ યોજનાઓને કેન્દ્ર તથા રાજ્ય સ્તરે મૂર્તિમંત કરીને આજે "આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા" દ્વારા આપની વચ્ચે ઉપસ્થિત થવાનો અવસર પૂરો પાડ્યો છે, ત્યારે ભાજપાની આ વિકાસયાત્રામાં સૌને સહભાગી બનવા અને ભાજપાને પૂર્ણ સમર્થન આપવા માટે તેમણે સૌને અપીલ કરી હતી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આ પ્રસંગે લુણાવાડા, સકલીયા, કોઠંબા, સાંઢ પાળીયા, વેરીના મુવાડા, વાડોદર સહિત આસપાસનાં અનેક ગામોનાં અગ્રણી કોંગ્રેસી કાર્યકરો તથા નેતાઓ ભાજપામાં જોડાયા હતા અને કેસરીયો ખેસ ધારણ કર્યો હતો.

**યાત્રાનો આજનો રૂટ (તારીખ : ૧૭/૦૨/૨૦૧૭, શુક્રવાર)**

| ગામનું નામ | તાલુકાનું નામ | વિધાનસભાનું નામ | સભા / સ્વાગત |
|---|---|---|---|
| સંતરામપુર (પ્રસ્થાન) | સંતરામપુર | સંતરામપુર | |
| ડીંટવાસ | કડાણા | સંતરામપુર | સ્વાગત |
| બાબલીયા (પાંડરવાડા) | ખાનપુર | લુણાવાડા | સ્વાગત |
| મેઘરજ (અરવલ્લી) | મેઘરજ | ભીલોડા | સભા અને ભોજન વિરામ |
| પંચાલ | મેઘરજ | ભીલોડા | સ્વાગત |
| કંટાળુ | મેઘરજ | ભીલોડા | સ્વાગત |
| અણસોલ | ભીલોડા | ભીલોડા | સ્વાગત |
| શામળાજી | ભીલોડા | ભીલોડા | સ્વાગત |
| ભિલોડા | ભીલોડા | ભીલોડા | સભા અને રાત્રી રોકાણ |

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૭.૦૨.૨૦૧૭**

## કોંગ્રેસે કચ્છ અને ગુજરાતને 'સેકસનું હબ' કહીને કચ્છ અને ગુજરાતની સભ્યતા, સંસ્કૃતિ અને અસ્મિતાનું અપમાન કર્યું છે.

----------------------

## કોંગ્રેસને પીડિતાની સંવેદનામાં રસ નથી પરંતુ વિધાનસભા ન ચાલવા દેવાનો બદઈરાદો છે અને "છાશ છાગોળે, ભેંસ ભાગોળે" તેમ કોંગ્રેસમાં "સી.એમ."ના ઉમેદવારી માટેનો આંતરીક ઝઘડો છે.

----------------------

## કોંગ્રેસ હવે મહેરબાની કરીને કચ્છ, ગુજરાત અને મહિલા શક્તિને બદનામ કરવાનું બંધ કરે. - ભરત પંડયા

----------------------

પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, નલિયા, કચ્છની પીડિતાને ન્યાય અપાવવા અને આરોપીઓને કડક સજા થાય તે માટે સરકારે પૂરતા પગલાં લીધાં છે. સરકાર અને ગુજરાતની જનતા પીડિતાની પડખે છે. પરંતુ કોંગ્રેસ દ્વારા કચ્છને 'સેકસનું હબ' કહેવું એ કચ્છની જનતાની અસ્મિતા પર વજ્રઘાત સમાન છે, કચ્છની ધરાનું અપમાન છે. કોંગ્રેસે કચ્છની સભ્યતા, સંસ્કૃતિ અને અસ્મિતાનું અપમાન કર્યું છે. ગુજરાતને 'સેકસનું હબ' કહીને સમગ્ર ગુજરાતનું ભયંકર અપમાન કર્યું છે અને સમગ્ર મહિલા શક્તિને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતને બદનામ કરવાનાં આવા ખરાબ વિચારો, ખરાબ નિવેદનો કોઈ કેવી રીતે આપી શકે ? બસ બહુ થયું. કોંગ્રેસ ગુજરાતને બદનામ કરવાનું બંધ કરે તેવો શ્રી પંડયાએ અનુરોધ કર્યો હતો.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું કે, સંસદ અને વિધાનસભા ગૃહએ પ્રજાનાં પ્રશ્નોને વાચા આપવાનું શ્રેષ્ઠ કેન્દ્ર છે, માધ્યમ છે. પરંતુ કોંગ્રેસને પ્રજાના પ્રશ્નોમાં રસ નથી અને સંસદમાં સતત તોફાનો કરીને સંસદ ન ચાલવા દઈને નકારાત્મક માનસિકતાનું પ્રદર્શન કરે છે. કેન્દ્રીય કોંગ્રેસને હંમેશા ગુજરાતનો વિકાસ અને ગૌરવ આંખના કણાંની જેમ ખૂંચે છે. તેથી ગુજરાતમાં અફવા, શાંતિ, અરાજકતા ફેલાય તે પ્રમાણે જ વાણી, વિલાસ અને કાર્યક્રમો આપે છે. ગુજરાત વિધાનસભામાં અગાઉથી રાજયપાલના અભિભાષણના વિરોધનો મુદ્દો ઊભો કરીને નકારાત્મક માનસિકતા છતી કરી દીધી છે. વિધાનસભામાં કોઈ પણ પ્રશ્નની ચર્ચા કરવાનો વિપક્ષને તક મળતી હોય છે. કોંગ્રેસ કોઈવાર સી.બી.આઈ.ની, કોઈવાર નિવૃત ન્યાયાધીશની માંગણી કરે છે. કોંગ્રેસને પીડિતાને ન્યાય મળે અને આરોપીઓને કડક સજા મળે તેમાં રસ નથી. અત્યારે આરોપીઓ પકડાઈ ગયાં હોઈ અને ૧૨-૧૪ દિવસનાં રીમાન્ડ ચાલુ હોઈ અને પીડિતાએ પણ મીડિયામાં પોલીસ કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હોય ત્યારે કોંગ્રેસની આ તપાસની માંગણીમાં માત્ર વિધાનસભા ચાલવા ન દેવી તેવો જ બદઈરાદો છે અને "છાશ છાગોળે, ભેંસ ભાગોળે" તેમ કોંગ્રેસમાં "સી.એમ."ના ઉમેદવારી માટેનો આંતરીક ઝઘડો છે. તે ગુજરાતની જનતા જોઈ રહી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સંગઠન પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા કાઢીએ છીએ. અધિકાર, સત્તા આપવાની સાથે યોજનાઓનો લાભ લોકોને મળે તે માટે લોકહિત-ગુજરાતહિત માટેની યાત્રા-કાર્યક્રમો કરીએ છીએ. ભાજપ નિદાન કેમ્પો દ્વારા સેવાનાં કાર્યક્રમો કરે છે. પં.દીનદયાળ ઉપાધ્યાય નિર્વાણ દિને "સમર્પણ દિને" ૧૧ ફેબ્રુઆરીએ દરેક બુથમાં પ્રેમ, એકતા, વિકાસનું વાતાવરણ ઊભું કરવા માટે કાર્યક્રમો આપીએ છીએ.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની ચાલતી ભાજપ સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમો થઈ રહ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં ૨,૮૨૬ કાર્યક્રમો દ્વારા ૨૮,૮૩,૦૯૯ જેટલી વ્યક્તિગત કામોની રજૂઆતોમાંથી ૨૮,૨૮,૩૨૮ પ્રશ્નોના હકારાત્મક ઉકેલ દ્વારા ૯૮ ટકા સફળતા મેળવી છે. સરકાર દ્વારા રોજગાર મેળા યોજીને તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી સુધીમાં માત્ર એક જ અઠવાડિયામાં ૬૭,૭૬૭ ખાનગી ક્ષેત્રોમાં બેરોજગાર યુવાનોને નોકરી આપવામાં આવી છે. તેમજ આ વર્ષે ૬૭,૦૦૦ સરકારી જગ્યાઓની ભરતીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સમગ્ર દેશમાં ગુજરાત રોજગારી આપવામાં અગ્રેસર રહ્યું છે. ભાજપ સરકાર લોકોની સમસ્યાનું નિરાકરણ, લોકસેવા અને રોજગાર મેળા દ્વારા યુવાનોને રોજગારી આપવાના કાર્યક્રમો કરે છે.

શ્રી પંડયાએ જણાવ્યું કે, જયારે બીજી બાજુ કોંગ્રેસ એક પણ રચનાત્મક કાર્યક્રમો કરતું નથી. માત્રને માત્ર સંઘર્ષયાત્રા કાઢે છે. કોંગ્રેસ પીડિતાની સંવેદનાની અવહેલાનાં કરીને સેકસકાંડના મુદ્દાને લઈને ખરાબ મુદ્દા અને ખરાબ વિચારો સાથે કચ્છ, ગુજરાતને બદનામ કરવા યાત્રા કાઢે છે. કોંગ્રેસ પાસે ગુજરાત ગૌરવ માટે કોઈ યાત્રા નથી, કાર્યક્રમો નથી. માત્ર ગુજરાતને બદનામ કરવા યાત્રા અને કાર્યક્રમો આપી રહી છે. ભાજપ હંમેશા કહેતું આવ્યું છે. કોંગ્રેસ પાસે કોઈ મુદ્દા નથી, ગુજરાતની જનતાના પ્રશ્નોમાં રસ નથી, જનતાની સેવામાં રસ નથી. ગુજરાતમાં ગૌરવમાં રસ નથી. માત્રને માત્ર કોંગ્રેસને વાદ, વિવાદ, વેરઝેર ફેલાવવામાં રસ છે. કોંગ્રેસ હવે મહેરબાની કરીને કચ્છ, ગુજરાત અને મહિલાશક્તિને બદનામ કરવાનું બંધ કરે તેમ કોંગ્રેસની સપ્તશબ્દોની ઝાટકણી કરતાં શ્રી પંડયાએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ